# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gm...... web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/ ૧૭૦૭૧ તા.૧૭/૧૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

**વિષય:-** નામદાર હાઇકોર્ટની રીટ પીટીશન નં.૬/૨૦૧૭, ૨૫૩/૨૦૧૬, સીવીલ એપ્લીકેશન નં.૧/૨૦૨૨ સ્કાય લેન્ટર્ન તથા ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ બાબત.

**સંદર્ભ:-** કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, સુરતનો તા.૦૬/૧૨/૨૦૨૪નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, સુરતનો તા.૦૬/૧૨/૨૦૨૪નો પત્ર અન્વયે. તમામ શાળાઓએ સ્કાય લેન્ટર્ન તથા ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ બાબતે આપેલ સુચનાનું ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉકત પરિપત્રની નકલ

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, સુરત

મેજીસ્ટ્રેટ શાખા, બી-બ્લોક, ચોથો માળ, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત
Phone No.૦૨૬૧-૨૬૫૨૧૩૬ Fax No.૦૨૬૧-૨૬૫૫૭૫૭ Email Id: 54.magsurat@gmail.com
Collector-sur@gujarat.gov.in

નં.એમએજી/પ્રતિબંધ/વશી.૫૮૩૪ થી ૫૮૩૭ /૨૪
તા: ૦૬ /૧૨/૨૦૨૪

પ્રતિ,

(૧) રજીસ્ટ્રારશ્રી,
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના મગદલ્લા રોડ, સુરત.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા સેવા સદન-૨, સુરત.

(૩) પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પંચાયત, દરીયામહેલ, સુરત.

(૪) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
કાસ્કીવાડ, જુનુ બસસ્ટેશન, ભાગળ, સુરત.

વિષય:- નામદાર હાઈકોર્ટની રીટ પીટીશન નં.૬/૨૦૧૭, ૨૫૩/૨૦૧૬, સીવીલ એપ્લીકેશન નં.૧/૨૦૨૨ સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) તથા ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ બાબતે આપેલ સુચનાનું પાલન થવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નામ. ગુજરાત હાઇકોર્ટના સમક્ષ રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ માં નામ. હાઇકોર્ટના તા:૨૨/૧૨/૧૫ ના હુકમ તથા નામ. ગુજરાત હાઇકોર્ટના સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૫૩/૨૦૧૬ માં નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલના એપ્લીકેશન નં.૩૮૪/૨૦૧૬ તથા નં.૪૪૨/૨૦૧૬ માં તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ અન્વયે ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરી/ Glass coated nylon thread/ ચાઈનીઝ "સ્કાય લેન્ટર્ન"(ચાઇનીઝ તુક્કલ) ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ બાબતે આપેલ સુચનાનું પાલન થાય તે સારૂ સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) તથા ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/ Glass coated nylon thread ની હાનિકારકતા અંગે, જાગૃતી લાવવા કાર્યક્રમો યોજવા તથા ખરીદ ન કરવા વિદ્યાર્થીઓને જરૂરી સમજ આપવા તથા જન જાગૃત્તિ માટે જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે.

1838
13/12

(વિજય રબારી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

## ::ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS)ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું::

નં.એમએજી/સ્કાય લેન્ટર્ન-ચાઇનીઝ માંઝા/વશી. ૫૮૦૬ થી ૫૮૩૦/૨૪
જીલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા. ૦૬/૧૨/૨૦૨૪

આગામી તા.૧૪,૧૫/૦૧/૨૦૨૫ ના રોજ મકરસંક્રાતિ(ઉતરાયણ) નો તહેવાર આવનાર હોય, ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરી/ Glass coated nylon thread/ ચાઈનીઝ "સ્કાય લેન્ટર્ન"(ચાઇનીઝ તુક્કલ) ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવા બાબતે વિગતવાર સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તેમજ ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. "સ્કાય લેન્ટર્ન"(ચાઇનીઝ તુક્કલ) માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકસાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપત્તિને ઘણું જ નુકસાન થાય છે. તથા ચાઇનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના કારણે રાહદારી વ્યકિતના, વાહન ચાલકનાં ગળા કે શરીર સાથે ઘર્ષણ થવાનાં કારણે કપાય જવાનો કે શારીરિક ગંભીર ઇજા થવાનો ભય રહે છે, તેમજ આકાશમાંનાં પક્ષીઓ પંતગની દોરીમાં ભેરવાય જવાનાં કારણે ઘાયલ થતાં હોય છે, તેમજ પ્લાસ્ટીક સખત મટીરીયલ્સ ધરાવતી વસ્તુ હોય, તેનાં વેસ્ટ/કચરાને કારણે ડ્રેનેજ લાઇન બ્લોક થવી, પાણીનાં પ્રવાહને અવરોધ થવા તથા ગાય જેવાં પ્રાણીઓનાં ખોરાકમાં આવા દોરાઓ જવાથી તેઓને ગંભીર તકલીફો ઉદ્દભવે છે, તેમજ આવા દોરા ઇલેકટ્રીક થાંભલા પરનાં વિદ્યુત તાર કે કેબલ ઉપર પડવાથી કરંટ લાગવાનો તેમજ શોર્ટસર્કિટ થવાનાં કારણે આગ લાગવા જેવા ગંભીર પ્રકારનાં અકસ્માતો..બનવાની પુરેપુરી શકયતા રહે છે. જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઇને વ્યકિતઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડતા હોય છે. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઇડલાઇનનું ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સંપૂર્ણ પાલન થાય, તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના સમક્ષ રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં.૨૦/૨૦૧૫ માં નામદાર હાઇકોર્ટના તા:૨૨/૧૨/૨૦૧૫ ના હુકમ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઇ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬ માં નામ. ગુજરાત હાઇકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમ તથા NGT તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમ આધારે જાહેર સલામતી ખાતર નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ હુકમ કરૂ છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં તા....૦૬../૧૨/૨૦૨૪ ના કલાક ૦૦:૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી કોઇ પણ વ્યકિતએ,

-:: પ્રતિબંધીત કૃત્યો ::-

(૧) કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) પતંગ ચંગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સિન્થેટીક મટીરીયલ કે સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન- બાયોડિગ્રેડિબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા ઉપર.

(3) કોઇ પણ પ્રકારના સિન્થેટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઇ પણ પ્રકારના દોરા, લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/પાઉડર કે અન્ય કોઇ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય અને નોન-બાયોડિગ્રેડિબલ હોય તેવા દોરા મેળવવા, સિન્થેટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર તથા સ્થાનિક ખરીદી કરવા, વેચાણ કરવા ઉપર.

(૪) ઓનલાઈન પ્લેટફોર્મ મારફત ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વિગેરે વસ્તુઓની ઈ-કોમર્સ વિગેરેના માધ્યમથી ખરીદી કરવા તથા વેચાણ કરવા ઉપર પ્રતિબંધ.

(૫) દરેક સામાવાળોએ સિન્થેટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સિન્થેટીક કોટેડ દોરાની આયાત પર.

(૬) સવારના કલાક ૦૬/૦૦ થી ૦૮/૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાંથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ વધુ ઘાયલ તથા ઇજાગ્રસ્ત થાય છે. તેથી તે સમય ગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

(૭) રેલ્વેટ્રેક નજીક તથા ઉપરથી ઉચ્ચ વોલ્ટેજ ટ્રેક્શન ધરાવતા સાધનો હોવાથી રેલ્વેટ્રેકની આજુબાજુ કે ઉપરથી પતંગ ઉડાવવા પર.

(૮) ચાઇનીઝ તુક્કલ ઉડાવવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

(૯) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

(૧૦) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

## પ્રતિબંધિત વિસ્તાર

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં

## અમલવારીનો સમય

આ હુકમ તા...૦૬.../૧૨/૨૦૨૪ ના કલાક ૦૦:૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી કરવાનો રહેશે.

## શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય) માં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવતા તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંને સમગ્ર જિલ્લામાં સહેલાઇથી જોઈ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો ઉપરથી તમામની જાણકારી અર્થે બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૦૬ /૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE SURAT

(વિજય રબારી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

નકલ સવિનય રવાના:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત તરફ. (૨૦ નકલો)
(૨) પ્રિન્સીપલ એન્ડ સેસન્સ જજશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(3) જિલ્લા સરકારી વકીલશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(૪) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.
(૫) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., સુરત.
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત.
(૭) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા સેવા સદન-૨, સુરત.
(૮) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ઓલપાડ/કામરેજ/બારડોલી/માંડવી, જિ.સુરત તરફ..
(૯) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ઓલપાડ/કામરેજ/પલસાણા/બારડોલી/ મહુવા/માંડવી/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત તરફ.
(૧૦) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, સુરત/બારડોલી.
(૧૧) પ્રાદેશિક અધિકારીશ્રી, ગજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ૩૩૮, બેલ્જિયમ સ્કવેર, લીનીયર બસસ્ટોપ સામે, સુરત
(૧૨) સંયુક્ત વન સંરક્ષકશ્રી, વન ભવન, અડાજણ, સુરત

નકલ સવિનય રવાના:-

(૧) પોલીસ મહાનિદેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા), પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ (કા.વ્ય), સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(3) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, અઠવાલાઈન્સ, સુરત તરફ જાણ સારૂ.

નકલ સવિનય રવાના:-

(૧) માહિતી નિયામકશ્રી, સુરત તરફ.(૫ નકલો)
૨/- સ્થાનીક અખબારોમાં વિના મુલ્યે પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
(૨) મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા.
૨/- ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી તેની નકલો મોકલવા વિનંતી છે.